● ચીંતનની પળે ●

## *એક જ વ્યક્તી વગર સારા જગ સુના લાગે...*

–કૃષ્ણકાન્ત ઉંડનકટ

માણસ અને જીન્દગીની વાત છેડાય ત્યારે લોકો કહે છે કે, 'એકલા આવ્યા છીએ અને એકલા જવાનું છે.' સાવ સાચી વાત છે. માણસ એકલો આવે છે અને એકલો જાય છે. કારણ કે આવવું અને જવું માણસના હાથની વાત નથી. બીજી એક સાચી વાત એ છે કે માણસ એકલો જન્મે છે, એકલો મરે છે; પણ એકલો જીવી શકતો નથી.

બે ઘડી વીચાર કરો કે તમે જે શહેરમાં રહો છો એ આખા શહેરને ખાલી કરીને, તમને એ શહેરમાં એકલા છોડી દેવાય તો તમારી શી હાલત થાય ? નગરમાં ભટકો અને કોઈ જ સામું ન મળે તો ? એકલતા બહુ જ ડરામણી ચીજ છે. કોઈ દુર જાય ત્યારે એવો અહેસાસ થાય છે કે જાણે આખું નગર ખાલી થઈ ગયું !

હમણાં એક વડીલને મળવાનું થયું. તેમની ઉંમર ૭૦થી વધુ તો હશે જ. યુગાન્ડાથી તેઓ આવ્યા હતા. રાતનો સમય હતો. ઘરમાં ઘણા લોકો હતા. બધા જ લોકો હસીને વાતો કરતા હતા. ડીનર વખતે પીત્ઝા મંગાવ્યો. પીત્ઝાનો ટુકડો લેતી વખતે આ વડીલના અસ્તીત્વ ઉપર જાણે ઉદાસી ઉતરી આવી. એક બાઈટ લીધું અને એમનાથી બોલાઈ જવાયું કે, 'સરલાને પીત્ઝા બહુ ભાવતો.' બચેલો ટુકડો પાછો મુકી દઈ તેમણે આંખો બંધ કરી દીધી. પાંપણો નીચે પાણી જેવું કંઈક દેખાયું. કોઈનો મુડ ન બગડે એટલે તેઓ બાથરુમમાં મોઢું ધોવા ચાલ્યા ગયા. તેમનાં વાઈફના અવસાનને બે વરસ થઈ ગયાં હતાં. 'સોરી,' કહીને તેમણે કહ્યું કે, 'અમે પંચાવન વરસ સાથે રહ્યાં. આ પંચાવન વરસ તો જાણે પાંચ દીવસની જેમ વીતી ગયાં. તેના વગર આ બે વરસ બે ભવ જેવાં લાગ્યાં છે.' આ વૃદ્ધના ચહેરાની કરચલીઓ વચ્ચે ધબકતી સંવેદના બધાંને સ્પર્શી ગઈ. સામે બેઠેલા લોકોમાં દોઢ વરસ પહેલાં પરણેલું એક કપલ હતું. એક પણ શબ્દ બોલ્યા વગર બન્નેએ એકબીજાનો હાથ પકડી લીધો. એક બીજા સાથે આંખો મેળવી. આંખોથી પણ અસરકારક સંવાદ સધાઈ જતા હોય છે !

તમારી પાસે આવી કોઈ વ્યક્તી છે ? ક્યારેય એવો વીચાર આવ્યો છે કે આ એક વ્યક્તી જો ન હોય તો જીન્દગીનો મતલબ શો રહે ? એ વ્યક્તીની તમને કેટલી દરકાર છે ? ઘણા લોકો એવા હોય છે જેમને જ્યારે છીનવાઈ ગયાનું ભાન થાય ત્યારે જ પોતાની પાસે કંઈક બહુ મુલ્યવાન હતું એનો અહેસાસ થાય છે.

એક દંપતી હતું. લગ્નને લગભગ દસેક વરસ થયાં હતાં. એક દીવસ પત્ની બીમાર પડી. ડૉક્ટર પાસે મૅડીકલ ચૅકઅપ્સ કરાવ્યાં. ખબર પડી કે પત્નીને ગંભીર બીમારી છે. પતીને સામે બેસાડીને ડૉક્ટરે કહ્યું કે, 'તમારાં પત્ની પાસે હવે વધુમાં વધુ એક વર્ષ છે.'

બસ, એક જ વર્ષ ! પતીએ નક્કી કર્યું કે આ એક વરસ દરમીયાન હું મારી પત્નીને ખુબ જ પ્રેમ કરીશ. તેનો પડ્યો બોલ ઝીલીશ. તેનું પુરું ધ્યાન રાખીશ. પત્નીને પણ સમજાયું કે તેનો પતી તેની ખુબ જ કૅર કરવા લાગ્યો છે. એક મહીના પછી પત્નીએ કહ્યું કે, 'આટલો પ્રેમ પહેલાંથી કર્યો હોત તો ! આટલી કૅર પહેલાંથી કરી હોત તો ! આપણાં દસ વર્ષ મને દસ જીન્દગી જેવાં લાગત. તું સારો છે. મને કોઈ ફરીયાદ નથી. છતાં એવું થાય છે કે માણસને કેમ ત્યારે જ કોઈની કીંમત સમજાય છે, જ્યારે તે ગુમાવી દેવાનું થાય છે !' પ્રેમ કરવા માટે કોઈ સમય, કોઈ દીવસ, કોઈ તક કે કોઈ અવસરની રાહ ન જુઓ. 'જો ભી હૈ, બસ યહી ઈક પલ હૈ.' પ્રેમ, લાગણી, સ્નેહ અને હુંફ નસીબદાર લોકોને મળે છે. તમારી પાસે એવા લોકો હોય તો તેની કદર કરો. તમે પોતે, જો કોઈ માટે એવી વ્યક્તી હો તો તમારા પ્રીયજનના પ્રેમનું સન્માન કરો. તમારી તે વ્યક્તીને કહો કે, 'તું છે તો બધું છે; કારણ કે તું છે તો હું છું. તું ન હોય તો હું સાવ એકલો. તારા વગર આખું જગ સુનું !' તમારા આ પ્રીયજનને દુર ન જવા દો. જે આજે ભરપુર પ્રેમ નથી કરી શકતો તે પાછળથી ભરપેટ પસ્તાતો રહે છે. ચાલી ગયેલી આજ ક્યારેય પાછી આવતી નથી અને ચાલી ગયેલી વ્યક્તી પણ...

*છેલ્લો સીન...*

*આ માણસો પણ ખરા છે ! લગ્ન પહેલાં તેઓ પ્રેમ કરવાના સોગંદ ખાશે અને લગ્ન બાદ સોગંદ ખાવા જેટલો પણ પ્રેમ કરશે નહીં !* –શીડની શેલ્ડન

◆●◆

## *નકામી બાબતો ભુલી જાઓ..*

માણસ સાથે સતત કંઈક ને કંઈક બનતું રહે છે. એમાંથી કેટલુંક સારું હોય છે ને કેટલુંક ખરાબ. માણસ સાથે જે કંઈ બને છે એ ઘટના માણસનાં મન અને મગજમાં એક છાપ છોડી જાય છે. કેટલીક ઘટના એવી હોય છે જે જીન્દગીભર સતાવતી રહે છે.

તમારી જીન્દગીનો સૌથી યાદગાર પ્રસંગ કયો, એવું તમને કોઈ પુછે તો તમે શો જવાબ આપો ? જીન્દગીમાં કેટલું બધું સારું બન્યું હોય છે ! એમાંથી કોઈ એક ચોક્કસ પ્રસંગને અલગ તારવવો મુશ્કેલ છે. એવો જ એક સવાલ છે કે તમારી જીન્દગીનો ખરાબ પ્રસંગ કયો ? માણસની એક સમસ્યા એ છે કે એ યાદ રાખવા જેવું જે કંઈ હોય છે તે ભુલી

જાય છે અને ભુલી જવા જેવું જે હોય છે તે યાદ રાખે છે ! નક્કામું હોય તે સંઘરતા રહીએ તો સારું હોય તેને સાચવવાની જગ્યા જ રહેતી નથી.

ત્રણ મીત્રો હતા. એક મીત્રે બાકીના બે મીત્રો સાથે ચીટીન્ગ કર્યું. બન્ને મીત્રોને ભારે આઘાત લાગ્યો. છેતરાયેલા એક મીત્રે તેની સાથે ઝઘડો કરી કહ્યું કે, 'તને તો હું આખી જીન્દગી યાદ રાખીશ. તારા જેવો બદમાશ મેં મારી જીન્દગીમાં જોયો નથી.' એ પછી બીજો મીત્ર તેના ચીટર ફ્રેન્ડને મળ્યો. તેણે કહ્યું કે, 'તારે જે કરવું હતું તે તો તેં કરી નાખ્યું. મીત્રની પસંદગી કરવામાં કદાચ મારી જ ક્યાંક ભુલ હતી. હશે. જે થવાનું હતું તે થઈ ગયું. છુટા પડતી વખતે ચીટર મીત્રને તેણે કહ્યું કે, હવે હું તને કાયમ માટે ભુલી જઈશ. મારે તને યાદ જ નથી રાખવો.'

કોઈ દુખદ ઘટનાને યાદ રાખી આખી જીન્દગી ધુંધવાતા રહેવા કરતાં તેને સદંતર ભુલી જઈને મુક્તી મેળવી લેવામાં જ ડહાપણ છે. કેટલાક લોકો 'જોઈ લેવા'ની જીદમાં પોતાનો જ સમય અને શક્તી વેડફતા હોય છે. ખરાબ વાતોને જ વારંવાર યાદ કરતા રહીને માણસ દુઃખી થતો રહે છે. કમ્પ્યુટરની ડીસ્કમાં કે મોબાઈલની ચીપમાં જે નક્કામું હોય તેને આપણે 'ડીલીટ' કરી નાખીએ છીએ. એક સમયે જે ખુબ જ કામનું હોય એ સમય વીતતાં નક્કામું પણ થઈ જાય છે. શું 'સેઈવ' કરવું અને શું 'ડીલીટ' કરવું તેની સમજ હોય તો મનની 'ડીસ્ક' ખોટા 'ડેટા'થી 'ફુલ' થઈ જતી નથી. સ્મરણો વારંવાર આપણી સંવેદનાના તાર ઝણઝણાવી દે છે. સંવેદનાની આ વીણામાંથી ક્યારેક મધુર તો ક્યારેક કરુણ સંગીત વહેતું રહે છે. ઘણી વખત તો એ નક્કી નથી થઈ શકતું કે આ સ્મરણો આપણને સુખ આપે છે કે દુઃખ ! જીન્દગીનો હીસ્સો બની ચુકેલા આ સંસ્મરણો જ આપણી સંવેદનાને જીવતી રાખી ઝંકૃત કરતાં હોય છે.

વાત બધું જ ભુલી જવાની નથી. જે નક્કમું છે, પીડાદાયી છે તે ભુલવાની વાત છે. યાદ રાખવા જેવું પણ અઢળક હોય છે. જીવનનાં જીવાયેલાં વર્ષો એક સરસ મઝાની કીતાબ બનીને લાઈફના 'શો–કેસ'માં ગોઠવાઈ જતાં હોય છે. તેમાં કેટલાંક પ્રકરણો સુંદર; તો કેટલાંક કરુણ પણ હોય છે. કેટલાંક તો કરુણ, દુઃખદાયી અને સાવ નક્કામાં હોય છે. આવાં પ્રકરણો ફાડીને ફેંકી દેવાં જોઈએ. 'બતાવી દેવાની' કે 'જોઈ લેવાની' વાતમાં માણસ જેટલી શક્તી વેડફે છે એટલી શક્તી જો પોતાનાં કામમાં વધારે વાપરે તો બેડો પાર થઈ જાય. ગમે તેવા સંજોગોમાં ડીસ્ટર્બ ન થવું. વર્તનમાં જો અપ–ડાઉન આવતાં હોય તો જીવનમાંયે ઉતાર–ચડાવ જ રહેવાના. જે લોકો સમય અને સંજોગોને સમજી શકતા નથી,

એ લોકો ઉગતા હોય છે; પણ ખીલતા નથી ! ઉગવા અને ખીલવામાં ફરક છે. ખીલવું એટલે મહોરી ઉઠવું.

દરેક માણસ પાસે એક સરખી શક્તી હોય છે. છતાં કેટલાક લોકો આગળ હોય છે અને કેટલાક પાછળ રહી જાય છે. તેનું સૌથી મોટું કારણ જ એ હોય છે કે આપણે આપણી શક્તી ક્યાં વાપરીએ છીએ તેનો ખ્યાલ જ આપણને રહેતો નથી. શક્તીની જરુર સર્જનમાં પણ રહે છે અને વીસર્જનમાં પણ. દોસ્તીમાં જેટલી શક્તીની જરુર પડે છે તેના કરતાં બમણી તાકાત દુશ્મનીમાં ખર્ચાય છે. સાચી દોસ્તી તો શક્તીમાં વધારો કરે. હાથ મીલાવવા કરતાં બાંયો ચડાવવામાં આપણે વધુ સમય અને શક્તી બરબાદ કરીએ છીએ.

સારા અને સફળ થવાની સરળ રીત એ જ છે કે તમારી તમામ શક્તીને સર્જનાત્મક બનાવો. 'લડી લેવાની' કે 'બતાવી દેવાની જીદ'ને બદલે ખીલી ઉઠવાની ટેવ કેળવો. યાદ રાખો, દુનીયા એને જ સલામ કરે છે જે ઉપર ઉઠી જાણે છે.

*છેલ્લો સીન...*

*ધ્યેય માટે જીવવું એ, ધ્યેયમાટે મરવા કરતાં વધુ મુશ્કેલ છે. –સ્વા. વીવેકાનન્દ*

–કૃષ્ણકાન્ત ઉંડનકટ –

Krishnkant Unadkat,
Executive Editor,
DIVYA BHASKAR,
Plot No. 805, Near Chhani Toll bridge, **VADODARA**-391740.(India)
Mobile : 09825061787 e-mail : kkantu@gmail.com

*('દીવ્ય ભાસ્કર'ની દર બુધવારે પ્રગટતી 'કળશ' પુર્તીમાં પ્રકાશીત થતી લેખકની કટાર 'ચીંતનની પળે'માંથી સાભાર..)*

**'સન્ડે ઈ–મહેફીલ'** – **વર્ષ: ચોથું** – **અંક:** 158 – February 1, 2009

**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમા **અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર** uttamgajjar@hotmail.com

◆●◆

## 'ભગવદ્ગોમંડલ'

**"દુનિયાની કોઈ પણ ભાષાના ઉત્તમ કોશની સરખામણીમાં 'ભગવદ્ગોમંડલ' ઊણો ઊતરે તેમ નથી. આ ફક્ત શબ્દકોશ નથી; પણ જ્ઞાનકોશ પણ છે."**

ઉપરોક્ત ઉક્તિ પરથી અનુમાન કરી શકીએ કે 'ભગવદ્ગોમંડલ' એક અમૂલ્ય અને મહત્ત્વનો જ્ઞાનકોશ છે. આવા મહાન જ્ઞાનકોશ–વિશ્વકોશની પ્રસ્તાવના લખવા માટે જ્યારે

ગાંધીજીને કહેવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું *"પ્રસ્તાવના લખવાની મારી શક્તિ નથી. તમારા સાહસથી હું મુગ્ધ થયો છું. એથી માતૃભાષાની મોટી સેવા થશે એમ હું માનું છું."*

ઈ.સ. 1865ની 24મી ઑક્ટોબરે ધોરાજીમાં જન્મેલ ભગવતસિંહજી એકમાત્ર રાજવી તરીકે નહિ; પરંતુ સામાજિક અને સાહિત્યક્ષેત્રે પણ અમૂલ્ય પ્રદાન આપીને ગણનાપાત્ર બન્યા છે. ગુજરાતી ભાષાને વિશ્વકક્ષા સુધી પહોંચાડવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા બજાવી છે. છવ્વીસ છવ્વીસ વર્ષની અખંડ સાધના કરીને ગુજરાતી ભાષાની શબ્દસમૃદ્ધિને ખૂણેખાંચરેથી શોધી કાઢીને મહારાજા ભગવતસિંહજીએ ગુજરાતી ભાષામાં આ રત્નમણિ સમાન મહાન જ્ઞાનકોશ "ભગવદ્ગોમંડલ"ની રચના કરી. આ કોશના રચયિતા તરીકે આજે પણ સાહિત્ય–જગત તેમને સન્માને છે.

'ભગવદ્ગોમંડલ' નામ 'ભગવત્' અને 'ગોમંડલ' એમ બે શબ્દોનું બનેલું છે. 'ભગવત્' એટલે ભગવતસિંહજી, બૃહત્, સમૃદ્ધિવાન, જ્ઞાનભરપૂર, પ્રભુપ્રેરિત કે ગૌરવવંતુ જ્યારે 'ગોમંડલ' એટલે શબ્દસંગ્રહ, શબ્દકોશ, જ્ઞાનકોશ, સરસ્વતીભંડાર કે ગોંડલ. આમ, ભગવદ્ગોમંડલ એટલે (1) ભગવતસિંહજી શબ્દસંગ્રહ (2) બૃહત શબ્દકોશ (3) સમૃદ્ધિવાન જ્ઞાનકોશ (4) જ્ઞાનભર્યો સરસ્વતી-ભંડાર (5) પ્રભુપ્રેરિત વ્યાપક વાણી અને (6) ગૌરવવંતું ગોંડલ.

કચેરી, તુમારો કે દફતરીકામમાં અંગ્રેજી ભાષાને બદલે વધુમાં વધુ ગુજરાતી ભાષાને અને શબ્દોને પ્રાધાન્ય આપવામાં તેમનો માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને તેમની ભક્તિ પ્રગટ થાય છે. ગુજરાતીમાં સર્વાંગસંપૂર્ણ શબ્દકોશની ખામી ઘણા વખતથી સાલતી હતી. આથી એમણે ઈ.સ. 1915ની આસપાસથી કોઈપણ કોશમાં ન જોવા મળતા નવીન શબ્દોનો સંગ્રહ કરવા માંડ્યો. આ બાબતમાં એમની નિષ્ઠા અને ખેવના અજોડ હતી. તેમણે પ્રમાણભૂત ગ્રંથો, મહત્ત્વનાં પુસ્તકો, નવલકથાઓ, કાવ્યસંગ્રહો વગેરેનો જ નહિ પરંતુ વર્તમાનપત્રો, માસિકો, નિવેદનો, જાહેરખબરો, નાટક સિનેમાનાં ચોપાનિયાંઓ, ચીજવસ્તુઓની મૂલ્યપત્રિકાઓ કે એવા કોઈપણ રદ્દી જેવા શબ્દો ફરફરિયામાંથી, પણ ઉપયોગી જણાતા શબ્દોનો સંગ્રહ કરતા અને તેમાંથી જે શબ્દોમાં સચ્ચાઈનો રણકો ઊઠે, તેને જ કોશમાં સમાવવામાં આવતા. ગુજરાતી લોકોની બોલાતી ભાષાનું આમાં સાચામાં સાચું પ્રતિબિંબ ઝિલાયું છે. વળી આ કોશની રચના વખતે જોડણીના નિયમોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

ઈ.સ. 1928ના ઑક્ટોબરની પહેલી તારીખથી તેમણે ગોંડલમાં 'ભગવદ્ગોમંડલ' કોશની વિધિસરની કચેરી શરૂ કરી અને જેમાં તેમણે જાતમહેનતે એકત્ર કરેલા આશરે વીસહજાર શબ્દોથી આ કોશની શરૂઆત કરી. ૨૫મી ઑગસ્ટ 1944ના રોજ તેમણે 902 પાનાંનો પ્રથમ ભાગ પ્રસિદ્ધ કર્યો અને ત્યારબાદ દર એક–દોઢ વર્ષના સમયગાળે એક એક ભાગ પ્રસિદ્ધ કર્યો. 9મી માર્ચ 1955ના રોજ નવમો અને અંતિમ ભાગ પ્રસિદ્ધ થયો હતો.

દુનિયાની કોઈપણ ભાષાના ઉત્તમ કોશની સરખામણીમાં સહેજપણ ઊણો ન ઉતરતો આ ગ્રંથ માત્ર શબ્દકોશ જ નહિ પણ જ્ઞાનકોશ ગણાયો છે. નવ ગ્રંથોના 9270 જેટલાં પૃષ્ઠોમાં આશરે 2,81,377 શબ્દો, તેના 8,21,832 અર્થો અને 28,156 જેટલા રૂઢિપ્રયોગોને સમાવવામાં આવ્યા છે. શબ્દભંડોળ અને અર્થભંડોળની દૃષ્ટિએ એ અતુલનીય છે. વાસ્તવમાં આપણી ગુજરાતી ભાષામાં આટલા બધા શબ્દો છે તેની સૌ પ્રથમ વાર જાણ જ આ કોશ દ્વારા વિશ્વને થઈ. તેથી જ ભગવદ્ગોમંડલને વિવિધ વિશેષણો જેવાં કે, 'જ્ઞાનનો ઘૂઘવતો શબ્દસાગર', 'ગુજરાતી ભાષાનો સંસ્કૃતિગ્રંથ', 'વિશ્વકોશ', 'ગુજરાતી ભાષાની અસ્મિતા', 'સર્વજ્ઞાન સંગ્રહ' અને 'સમૃદ્ધિનો સાગર' જેવા શબ્દોથી નવાજવામાં આવેલ છે.

'ભગવદ્ગોમંડલ' એ એક એવો ઉત્કૃષ્ટ કક્ષાનો માહિતીકોશ કે જ્ઞાનકોશ છે કે જેમાં ધર્મ, સાહિત્ય, કલા, વાણિજ્ય, વિજ્ઞાન, સામાજિક, સાંસ્કૃતિક અને જીવનવ્યવહારનાં બધાં જ પાસાંઓને સમાવી લીધાં છે. દા.ત. આપણે 'કલા' શબ્દને ભગવદ્ગોમંડલમાં તપાસીએ તો 'કલા' શબ્દ સાથે તેના 62 અર્થ, 54 કલાનાં નામ, શિલ્પશાસ્ત્રની 64 કલાનાં નામ એવી વિવિધ તેમ જ વિસ્તૃત માહિતી આપી છે. જ્યારે આંખ શબ્દનું 6 પૃષ્ઠમાં વિસ્તૃત વિવરણ આપેલ છે. આમ, કોઈપણ શબ્દનાં ફક્ત અર્થ જ નહિ; પરંતુ તેનાં ઉચ્ચાર, વ્યુત્પત્તિ, વ્યાકરણ, અર્થ, રૂઢિપ્રયોગ, ઉદાહરણ અને જરૂર પડે ત્યારે ચિત્રો, કોષ્ટકો વગેરે દ્વારા માહિતીને સચોટ રીતે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

આમ, છવ્વીસ વર્ષના અથાક પરિશ્રમ બાદ દળદાર એવા નવ ભાગનું પ્રકાશન કાર્ય પૂર્ણ થયું. આ પ્રકાશન પાછળ તેમણે લગભગ સાડાપાંચ લાખ રૂપિયા ખર્ચ કર્યો હતો. અમૂલ્ય એવા આ નવ ગ્રંથની કિંમત તે સમયે 545 હતી પરંતુ રાજ્યાશ્રયને કારણે તે 146 રૂપિયામાં પ્રાપ્ત થતી હતી. ગુજરાતી ભાષાના એક સમૃદ્ધ અને મહત્ત્વના જ્ઞાનકોશ તરીકે "ભગવદ્ગોમંડલ" અદ્વિતીય છે. જ્ઞાનના અમૂલ્ય વારસાને સાચવી તેમ જ લોકોને સુલભ રીતે માહિતી મળી શકે તે માટે જે જહેમત ઉઠાવી તે માટે શ્રી ભગવતસિંહજીને કોટિ કોટિ વંદન.

## ડિજિટલ ભગવદ્ગોમંડલ :

ગુજરાતી ભાષાના અનેક કોશો આપણને ઉપલબ્ધ છે. પરંતુ ‘ભગવદ્ગોમંડલ’ કોશ એના શબ્દો, અર્થો, ઉપયોગો અને બીજી અનેક બાબતોથી પોતાની એક આગવી અસ્મિતા જાળવી રહ્યો છે. આજે પણ જ્યારે કોઈ ભાષાપ્રેમી કે કોશકારને કોઈ શબ્દ કે અર્થ એ સાર્થ, બૃહદ્ કે નર્મકોશમાં ન મળે ત્યારે તે ભગવદ્ગોમંડલની સહાય લે છે અને તેમાં શબ્દ કે અર્થ મળી રહેતાં ભાવક પર પ્રસન્નતાની લહેરખી છવાઈ જાય છે.

શ્રી. રતિભાઈ ચંદરયાએ પણ તેમના સંગ્રહાયેલા શબ્દોનો ઉપયોગ કરી તેમાંથી શબ્દકોશ બનાવવાનું સને 1975ની આસપાસ શરૂ કર્યું. ત્યાર પછી 1986માં ભગવદ્ગોમંડલનું પુનર્મુદ્રણ થયું. તે ખબર મળતાં જ તેમણે સંપૂર્ણ સેટ લંડનમાં વસાવી લીધો હતો. આ રત્નમણિ તેમના હાથમાં આવતાં જ તેમણે મનોમન સંકલ્પ કર્યો હતો કે, તેમણે આદરેલું ‘લૅક્સિકોન’નું કામ પૂરું થાય કે તરત આખેઆખા ‘ભગવદ્ગોમંડલ શબ્દકોશ’ને પણ તેમના જીવનકાળ દરમિયાન જ તેમના ‘ગુજરાતીલૅક્સિકૉન’માં ઉતારી લેવો.

આ ભગીરથ કામ યુનિકોડ ફોન્ટ આવતાં સાર્થક બને તેવું તેમને લાગ્યું, તેથી ગુજરાતી ભાષાના અમૂલ્ય એવા જ્ઞાનકોશને ડિજિટલાઇઝ કરવાના આ ભગીરથ કામનું ‘ગુજરાતીલૅક્સિકોને’ બીડું ઝડપ્યું. વિશ્વના કોઈ પણ ખૂણે રહેતો માનવી આ જ્ઞાનસંગ્રહની માહિતી અને તેની મહત્તા જાણી શકે અને તેના રોજિંદા જીવનમાં સરળતાથી તેનો વિનિયોગ કરી શકે તે માટે આ કાર્ય હાથ ધરવામાં આવ્યું.

શ્રી. રતિલાલ ચંદરયા અને ‘ગુજરાતીલૅક્સિકોન’ ટીમના સમિતિ સભ્યોએ આ કાર્યને પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો. સૌ પ્રથમ ગોંડલ મ્યુનિસિપાલિટી તરફથી આ કોશને ડિજિટલાઇઝ કરવાની મંજૂરી મેળવી. જૂની હસ્તપ્રસ્તો તપાસી નવેનવ ભાગનું ઝીણવટથી અધ્યયન કર્યું. તજ્જ્ઞો પાસેથી માર્ગદર્શન મેળવી આ કાર્યની શુભ શરૂઆત તા. 18-04-2008 ને મહાવીર જયંતીના દિવસે કરવામાં આવી. ડેટા ઍન્ટ્રી માટે ઍડિટિંગ સોફ્ટવેરની રચના કરવામાં આવી. ડેટા ઍન્ટ્રીમાં કુશળ એવા ઑપરેટરો પાસેથી એ ઍન્ટ્રી કરાવવામાં આવી. તે ડેટા ઍન્ટ્રીને પ્રૂફરીડરો પાસે ચકાસણી અર્થે મોકલવામાં આવી. પ્રૂફરીડરોએ ચકાસેલી ઍન્ટ્રીની ભાષાનિષ્ણાતે પુન:ચકાસણી. કરી. જો કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તેને સુધારી લેવામાં આવી. આમ, આ રીતે નવેનવ ભાગનું કામ હાથ ધરવામાં આવ્યું અને 11 માસના ટૂંકા ગાળામાં આ કાર્ય પૂર્ણ કર્યું. કોશ પ્રમાણે ઍન્ટ્રીને સાઇટ પર મૂકવા એક ખાસ પ્રકારની ઍપ્લિકેશન બનાવવામાં આવી. જેમાં સમગ્ર માહિતીને સંગૃહિત કરવામાં આવી

રહી છે. ટૂંક સમયમાં જ આપ સૌ ભગવદ્ગોમંડલને ઇન્ટરનેટ પર જોઈ શકશો. તદ્ઉપરાંત તમે તેને સીડી માધ્યમથી પણ મેળવી શકશો. વળી, તમે ભગવદ્ગોમંડલનાં સમગ્ર પૃષ્ઠોને પણ ઍનીમેટેડ ફોર્મમાં જોઈ શકશો અને તે પણ તદ્દન નિ:શુલ્ક !

80 વર્ષની જૈફ વયે સતત કાર્યરત રહી ભગવતસિંહજીએ શારીરિક, માનસિક અને આર્થિક ભોગ આપી ગુર્જરી ગિરાને એક અમૂલ્ય મહિમામુકુટથી શણગારવાનો મહાન પ્રયાસ કર્યો હતો. તે જ રીતે શ્રી રતિલાલ ચંદરયા પણ 87 વર્ષની જૈફ વયે ગુજરાતી ભાષા વિશે સતત ચિંતિત છે. તેમનો માતૃભાષા પ્રત્યેનો આ પ્રેમ વિરલ છે. આજના કમ્પ્યૂટર યુગમાં આધુનિક ટૅક્નોલૉજીના માધ્યમથી, ગુજરાતી શબ્દકોશ અને અન્ય માહિતીને સંગૃહિત કરવાનો અને તેને લાખો લોકો સુધી મફત પહોંચાડવા માટેનો તેમણે એક યજ્ઞનો–જ્ઞાનયજ્ઞનો પ્રારંભ કર્યો જે ‘ગુજરાતીલૅક્સિકોન’ નામથી પ્રચલિત છે.

‘ગુજરાતીલૅક્સિકોન’ ટીમ દ્વારા ગુજરાતીલૅક્સિકોન સાઇટની ત્રીજા વર્ષની પૂર્ણાહુતિ પ્રસંગે આ સાઇટને નવા રૂપરંગ સાથે રજૂ કરવામાં આવી છે. જેમાં ગુજરાતી-ગુજરાતી શબ્દકોશ, ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશ, અંગ્રેજી-ગુજરાતી શબ્દકોશ, વિરુદ્ધાર્થી શબ્દકોશ, રૂઢિપ્રયોગ, કહેવતો, પર્યાયવાચી શબ્દો, શબ્દસમૂહ માટે એક શબ્દ વગેરે જેવાં અનેક પાસાંઓને આવરી લીધાં છે. ‘ગુજરાતીલૅક્સિકોન’ની પ્રથમ આવૃત્તિને તૈયાર કરી પ્રજા સમક્ષ મૂકવામાં 20 વર્ષનો સમય લાગ્યો, વિદ્યાપીઠના સાર્થજોડણીકોશ પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં 2 વર્ષ લાગ્યાં, જ્યારે 'ભગવદ્ગોમંડલ'ના સાગર સમા કાર્યને પૂર્ણ થતાં માત્ર 11 માસનો જ સમય લાગ્યો છે. ‘લૅક્સિકોન’ના ગુજરાતી-ગુજરાતી શબ્દકોશની સમગ્ર પ્રવિષ્ટિની ચકાસણીનું કાર્ય ગૂજરાત વિદ્યાપીઠના કોશ વિભાગે કરી આપ્યું છે અને તેમાંની શબ્દ–પ્રવિષ્ટિ તથા અન્ય માહિતી સાચી છે તેનું પ્રમાણપત્ર પણ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ‘ગુજરાતીલૅક્સિકોન’ને આપવામાં આવ્યું છે.

વળી તેમાં દર અઠવાડિયે પ્રસિદ્ધ થતી શબ્દાર્થ કોયડાની રમત રમવાની પણ મઝા આવી જાય છે. આ ઉપરાંત સાહિત્ય વાચન–રસિયાઓને માટે પણ વિવિધ સાહિત્યિક સામયિકો ‘ગુજરાતી લૅક્સિકોન’ સાઇટ પર ઉપલબ્ધ છે. આ ઉપરાંત બીજા અનેક નાનામોટા ફેરફારો તમે સાઇટની રૂબરૂ મુલાકાત લઈ, જાણી અને માણી શકો છો. ‘ગુજરાતીલૅક્સિકોન’નું ધ્યેય માત્ર આટલું જ નથી; પરંતુ ભાષાના વિવિધ એકમોને સમાવવા માટે તે હંમેશાં કાર્યરત રહે છે. ટૂંક સમયમાં જ આપને આ માહિતીથી વાકેફ કરવામાં આવશે.

કહેવત છે - 'જય જય ગરવી ગુજરાત. જ્યાં જ્યાં વસે ગુજરાતી; ત્યાં ત્યાં વસે સદા કાળ ગુજરાત'; ત્યાં હવે આપણે કહી શકીશું કે, 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી કમ્પ્યૂટર સાથ; ત્યાં સદાકાળ ગુજરાતીલૅક્સિકોન'

**'જય ગુજરાતી'**

**સંકલનકારઃ**

અશોક કરણિયા - ashok.karania@magnettechnologies.com

મૈત્રી શાહ – જાગૃતિ દેસાઈ અને સમગ્ર 'લૅક્સિકોન ટીમ' – January 23, 2009

સંદર્ભગ્રંથ – 'ભગવદ્ગોમંડળ'

Coming Soon

**'Digital Bhagvadgomandal'**

The countdown has begun for the digital 'avataar' of
Gujarati's biggest encyclopedic work.
Watch out !

◆●◆

## આંખ સામે જ !

ઈજીપ્તમાં એક જુની કહેવત છે કે જે વસ્તુ માણસથી છુપાવવી હોય, તે તેની આંખની સામે મુકી દો; પછી તે એને જોઈ ન શકે.

તમને યાદ છે, કેટલા દીવસોથી તમારી પત્નીનો ચહેરો તમે નથી જોયો ? ખ્યાલ છે તમને કે તમારી માતાની આંખમાં આંખ પરોવીને ક્યારથી તમે નથી જોયું ? પત્ની એટલી મોજુદ છે, માતા એટલી નજીક છે, પછી જોવાનું શું ?

પત્ની મરી જાય છે, તો ખબર પડે છે કે એ હતી. પતી જઈ ચુક્યો હોય છે ત્યારે યાદ આવે છે કે અરે, આ માણસ આટલો વખત સાથે રહ્યો; પરંતુ પરીચય જ ન થયો ! આથી તો લોકો સ્વજનના મરણ ઉપર આટલું રુદન કરે છે. તે રડે છે એ મરણને કારણે નહીં; પણ એટલા માટે કે આટલા દીવસોથી જેની સાથે હતા એને આંખ ભરીને જોયા પણ નહીં, તેની ધડકનો સાંભળી ન શક્યા; એની સાથે કોઈ પરીચય ન થઈ શક્યો; તે અજાણ્યા જ રહ્યા ને અજાણ્યા જ વીદાય થઈ ગયા ! અને હવે તેનો કોઈ ઉપાય નથી.

તમારું સ્વજન ચાલ્યું જાય ત્યારે તમે એટલા માટે રડો છો કે એક તક મળી હતી અને ચુકી ગયા; તેને આપણે પ્રેમ પણ ન કરી શક્યા.

ઈજીપ્તના ફકીરો એ વાત કહેતા હતા કે કોઈ ચીજને છુપાવવી હોય તો તેને લોકોની આંખ સામે મુકી દો. એ ચીજ જેટલી નજીક હોય છે, એટલી જ વધુ ભુલાઈ જાય છે. — **રજનીશ**

(**'અરધી સદીની વાચનયાત્રા'** – ભાગ – ૧, પાન–૩૪૭ ઉપરથી સાભાર...)

**'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ ચોથું – અંકઃ** 158 – February 1, 2009

**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમા **અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર** uttamgajjar@hotmail.com

◆◆◆ ● ◆◆◆